
# " THINK OR SINK "



દેહધારીને વિટંબના
એ તો એક ધર્મ છે,
ત્યાં ખેદ કરીને
આત્મ વિસ્મરણ શું કરવું ?

પરમાત્મામાં પરમ સ્નેહ
ગમે તેવી વિકટ વાટેથી
થતો હોય તો પણ કરવો
યોગ્ય જ છે.

‘‘જો કંઇ પણ આ સંસારના પદાર્થોનો વિચાર કરવામાં આવે તો તે પ્રત્યે વૈરાગ્ય આવ્યા વિના રહે નહીં, કેમકે માત્ર અવિચારે કરી તેમા મોહબુધ્ધિ રહે છે,’’

જિંદગી ટૂંકી છે, અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કર તો સુખરૂપે જિંદગી લાંબી લાગશે.

પગ મુકતાં પાપ છે, જોતા ઝેર છે અને માથે મરણ રહ્યું છે, એ વિચારી આજના દિવસમા પ્રવેશ કર..

ચાલ્યું આવતુ વૈર આજે
નિર્મૂળ કરાય તો ઉત્તમ,
નહીં તો તેની સાવચેતી
રાખજે.

કોઈ બાંધનાર નથી,
પોતાની ભૂલથી બંધાય છે.

મમત્વ એ જ બંધ, બંધ

એ જ દુઃખ

સુખદુઃખ એ બન્ને મનની

કલ્પના છે.

દુર્જનતા કરી ફાવવું એ જ હારવું, એમ માનવુ.

સમસ્વભાવીનું મળવું એને જ્ઞાનીઓ એકાંત કહે છે.

ચંચળ ચિત્ત એ જ સર્વ વિષમ દુઃખનું મૂળિયું છે.

આ તો અખંડ સિધ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ આનંદ, અણરાગ, અનુરાગ,ઇત્યાદિ યોગ કોઇ વ્યવસ્થિત કારણ લઇને રહ્યા છે.

વર્તનમાં બાળકો થાઓ,
સત્યમાં યુવાન થાઓ,
જ્ઞાનમાં વૃદ્ધ થાઓ

મનને વશ કર્યુ તેણે
જગતને વશ કર્યુ.

જગતમાં માન ન હોત તો

અહીં જ મોક્ષ હોત

‘‘ધર્મ’ એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે.તે બાહ્ય સંશોધનથી મળવાની નથી,અપુર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે, તે અંતર સંશોધનથી કોઇક મહાભાગ્ય સદ્ગુરૂ અનુગ્રહે પામે છે.

રાગ વિના સંસાર નથી અને સંસાર વિના રાગ નથી.

શાસ્ત્રમાં માર્ગ કહ્યો છે, મર્મ કહ્યો નથી, મર્મ તો સત્પુરુષ ના અંતરાત્મામાં રહ્યો છે.

બીજું કાંઇ શોધ મા. માત્ર
એક સત્પુરુષને શોધીને તેનાં
ચરણકમળમાં સર્વભાવ
અર્પણ કરી દઇ વર્ત્યો જા.
પછી જો મોક્ષ ન મળે તો
મારી પાસેથી લઇ લેજે.

એક સત્પુરુષને રાજી
કરવામાં, તેની સર્વ ઇચ્છાને
પ્રશંસવામાં, તે જ સત્ય
માનવામાં આખી જિંદગી
ગઇ તો ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ
પંદર ભવે અવશ્ય મોક્ષે
જઇશ.

સમજીને અલ્પભાષી
થનારને પશ્ચાતાપ કરવાનો
થોડો જ અવસર સંભવે છે.

સંત વિના અંતની વાતમાં
અંત પામતો નથી.

જેનો દ્રઢ વિશ્વાસ હોય છે,

તે દુઃખી હોતો નથી.

કોઈ એક સત્પુરુષ શોધો,
અને તેવા ગમે તેવા વચનમાં
પણ શ્રદ્ધા રાખો.(આસ્થા)

જેનું હૃદય શુદ્ધ, સંતની
બતાવેલી વાટે ચાલે છે તેને
ધન્ય છે.

કોઈના પણ દોષ જો નહીં.
તારા પોતાના દોષથી જે
કંઈ થાય છે,તે થાય છે,
એમ માન.

તારી (આત્મ) પ્રશંસા કરીશ નહી, અને કરીશ તો તું જ હલકો છે, એમ હું માનુ છું.

કોઇ પણ પ્રકારે સદ્ગુરુ નો શોધ કરવો, શોધ કરી તેના પ્રત્યે તન, મન, વચન અને આત્મા થી અર્પણ બુધ્ધિ કરવી. તેનીજ આજ્ઞાનું સર્વ પ્રકારે નિઃશંકતાથી આરાધન કરવું, અને તો જ સર્વ માયિક વાસનાનો અભાવ થશે એમ સમજવું

મોક્ષનો માર્ગ બહાર નથી પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે.

જે છુટવા માટે જ જીવે છે,
તે બંધનમાં આવતો નથી.

સજીવન મૂર્તિના લક્ષ વગર
જે કંઇ પણ કરવામાં આવે
છે, તે જીવને બંધન છે, આ
અમારું હૃદય છે.

જે કંઇ પ્રિય કરવા જેવું છે,
તે જીવે જાણ્યું નથી, અને
બાકીનું કંઇ પ્રિય કરવા જેવું
નથી, આ અમારો નિશ્ચય છે.

ભક્તિ એ સર્વોપરી માર્ગ છે,
અને તે સત્પુરુષનાં ચરણ
સમીપ રહીને થાય તો
ક્ષણવારમાં મોક્ષ કરી દે તેવો
પદાર્થ છે.

યમ અંતકાળે પ્રાણીને
દુઃખદાયક નહી લાગતો
હોય, પણ અમને સંગ
દુઃખદાયક લાગે છે.

જયાં સુધી ઇશ્વરેચ્છા નથી
ત્યાં સુધી અમારાથી કાંઇ
પણ થઇ શકનાર નથી,
તણખલાનાં બે કટકા
કરવાની સત્તા પણ અમે
ધરાવતા નથી.

ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય
તે થવા દેવું એ ભક્તિમાનને
સુખદાયક છે.

જેને લાગી છે તેને જ લાગી છે અને તેણે જ જાણી છે, તે જ''પિયું પિયું'' પોકારે છે. તેના જ ચરણસંગથી લાગે છે, અને લાગે છે,ત્યારે જ છુટકો હોય છે. એ વિના બીજો સુગમ મોક્ષમાર્ગ છે જ નહી.

મુમુક્ષુનાં નેત્રો મહાત્માને
ઓળખી લે છે.

જીવ સ્વભાવે(પોતાની સમજણ ની ભૂલે) દોષિત છે. ત્યા પછી તેના દોષ ભણી જોવું, એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે.

જગતમાં રૂડુ દેખાડવા માટે
મુમુક્ષુ કંઇ આચરે નહીં,
પણ રૂડું હોય તે જ આચરે.

સાંસારીક ઉપાધિ અમને પણ ઓછી નથી.તથાપિ તેમાં સ્વપણું રહ્યું નહી હોવાથી તેથી ગભરાટ ઉત્પન્ન થતો નથી.

કોઈનો દોષ નથી, અમે કર્મ બાંધ્યાં માટે અમારો દોષ છે.

જેને ભેદ નથી તેને ખેદ સંભવતો નથી.

સંસાર સ્પષ્ટ પ્રીતિથી
કરવાની ઈચ્છા થતી હોય તો
તે પુરુષે જ્ઞાનીના વચન
સાંભળ્યા નથી, અથવા
જ્ઞાનીપુરુષનાં દર્શન પણ
તેણે કર્યા નથી.

સાચી જ્ઞાનદશા હોય તો તેને
દેહને દુઃખપ્રાપ્તિનાં કારણો
વિષે વિષમતા થતી નથી,
અને તે દુઃખને ટાળવા
એટલી બધી ચીવટ પણ
હોતી નથી.

વ્યવહારીક પ્રસંગોનું નિત્ય
ચિત્ર વિચિત્ર પણું છે. માત્ર
કલ્પનાએ તેમા સુખ અને
કલ્પનાએ દુઃખ એવી તેની સ્થિતિ
છે.અનુકુળ કલ્પના એ તે અનુકુળ
અને પ્રતિકુળ કલ્પનાએ તે પ્રતિકુળ
ભાસે છે, અને જ્ઞાની પુરુષોએ
તે બેય કલ્પના કરવાની ના
કહી છે.

ભગવત્ ભગવત્ નું
સંભાળશે,પણ જ્યારે જીવ
પોતાપણું મૂકશે ત્યારે.

સંસારનાં મુખ્ય કારણ
પ્રેમસંબંધ અને દ્વેષબંધન સર્વ
જ્ઞાનીએ સ્વીકાર્યા છે. તેની
મૂંઝવણે જીવને નિજ વિચાર
કરવાનો અવકાશ પ્રાપ્ત થતો
નથી.

સમસ્ત સંસાર બે પ્રવાહીથી વહે છે, પ્રેમથી અને દ્વેષથી. પ્રેમથી વિરક્ત થયા વિના દ્વેષથી છુટાય નહીં, અને પ્રેમથી વિરક્ત થાય તેણે સર્વ સંગથી વિરક્ત થયા વિના વ્યવહારમાં વર્તી અપ્રેમ(ઉદાસ) દશા રાખવી તે ભયંકર વ્રત છે.

કોઈ પણ જીવને અવિનાશી દેહની પ્રાપ્તિ થઈ એમ દીઠું નથી,જાણ્યું નથી તથા સંભવતું નથી, અને મૃત્યુનું આવવું અવશ્ય છે, એવો પ્રત્યક્ષ નિઃસંશય અનુભવ છે, તેમ છતાં પણ આ જીવ તે વાત ફરી ફરી ભૂલી જાય છે મોટું આશ્ચર્ય છે,

જ્ઞાની પુરુષના ચરણને વિષે મન સ્થાપ્યા વિના ભક્તિમાર્ગ સિધ્ધ થતો નથી. જ્ઞાની પુરુષના ચરણમાં મનનું સ્થાપન થવું પ્રથમ કઠણ પડે છે, પણ વચનની અપૂર્વતાથી, તે વચનનો વિચાર કરવાથી, તથા જ્ઞાની પ્રત્યે અપૂર્વ દ્રષ્ટિએ જોવાથી, મનનું સ્થાપન થવું સુલભ થાય છે.

બીજાની વસ્તુ પોતાથી ગ્રહણ થઈ હોય તે, જ્યારે એમ જણાશે કે બીજાની છે, ત્યારે તે આપી દેવાનું જ કાર્ય મહાત્મા પુરુષો કરે છે.

જ્ઞાની નિર્ધન હોય અથવા ધનવાન હોય, અજ્ઞાની નિર્ધન હોય અથવા ધનવાન હોય, એવો કંઇ નિયમ નથી.

સત્સંગને અર્થે દેહત્યાગ કરવાનો થતો હોય તો તે સ્વીકારવો, પણ તેથી કોઇ પદાર્થને વિષે વિશેષ ભક્તિ-સ્નેહ થવા દેવો યોગ્ય નથી.

નિમિત્તે કરીને જેને હર્ષ થાય છે, નિમિત્તે કરી જેને શોક થાય છે, નિમિત્તે કરીને જેને ઈન્દ્રિયજન્ય વિષય પ્રત્યે આકર્ષણ થાય છે, નિમિત્તે કરીને જેને ઈન્દ્રિયને પ્રતિકૂળ એવા પ્રકારોને વિષે દ્વેષ થાય છે, નિમિત્તે કરીને ઉત્કર્ષ આવે છે, નિમિત્તે કરીને જેને કષાય ઉદભવેછે, એવા જીવને જેટલો બને એટલો તે તે નિમિત્તવાસી જીવોનો સંગ ત્યાગવો ઘટે છે, અને નિત્ય પ્રત્યે સત્સંગ કરવો ઘટે છે.

# સર્વ દુઃખનું મૂળ સંયોગ (સંબંધ) છે.

જેને મૃત્યુની સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી ભાગી છુટી શકે એમ હોય, અથવા હું નહીં જ મરુ એમ જેને નિશ્ચય હોય, તે ભલે સુખે સૂએ.

લોકસમુદાય કોઈ ભલો થવાનો નથી, અથવા સ્તુતિનિંદાના પ્રયત્નાર્થે આ દેહની પ્રવૃતિ તે વિચારવાન ને કર્તવ્ય નથી.

લૌકિક કારણોમાં અધિક હર્ષ
વિષાદ મુમુક્ષુ જીવ કરે નહી..

જ્યાં ઉપાય નહીં, ત્યાં ખેદ કરવો યોગ્ય નથી.

જે અનિત્ય છે, જે અસાર છે અને જે અશરણરૂપ છે તે આ જીવને પ્રીતિનુ કારણ કેમ થાય છે તે વાત રાત્રિદિવસ વિચારવા યોગ્ય છે.

સંસારનું સ્વરૂપ સ્પષ્ટ જેણે
જાણ્યું છે તેને તે સંસારના
પદાર્થની પ્રાપ્તિથી કે
અપ્રાપ્તિથી હર્ષ શોક થવા
યોગ્ય નથી.

પુણ્ય પાપ અને આયુષ્ય એ
કોઈ બીજાને આપી ન શકે.
તે દરેક પોતેજ ભોગવે.

સ્પષ્ટ પ્રીતિથી સંસાર
કરવાની ઈચ્છા થતી હોય તો
સમજવું કે જ્ઞાની પુરુષ ને
જોયા નથી..

શુભનાં ઉદય વખતે શત્રુ મિત્ર થઈ જાય છે.અને અશુભનાં ઉદય વખતે મિત્ર શત્રુ થઈ જાય છે. સુખ દુઃખ નું ખરું કારણ કર્મ જ છે.

દ્રષ્ટિવિષ ગયા પછી ગમે તે
શાસ્ત્ર, ગમે તે અક્ષર, ગમે
તે કથન , ગમે તે વચન,
ગમે તે સ્થળ પ્રાયે
અહિતનું કારણ થતુ નથી.

જગતના કોઈ પણ પદાર્થ, સગા,કુટુંબી, મિત્ર નો કંઇ હર્ષ-શોક કરવો યોગ્ય જ નથી.

આત્મા જેવો કોઈ દેવ નથી.

હે જીવ ! હવે ભોગથી શાંત થા,શાંત.વિચાર તો ખરો કે એમાં ક્યું સુખ છે?

લક્ષ્મી વીજળી જેવી છે. વીજળી નો ઝબકારો જેમ થઈને ઓલવાઈ જાય છે, તેમ લક્ષ્મી આવીને ચાલી જાય છે.

ન ગમતું એવું ક્ષણવાર કરવાને કોઇ ઈચ્છતું નથી. તથાપિ તે કરવું પડે છે. એ એમ સુચવે છે કે પૂર્વકર્મનું નિબંધન અવશ્ય છે.

પુત્રાદિ સંપત્તિમાં જે પ્રકારે આ જીવને મોહ થાય છે તે પ્રકાર કેવળ નીરસ અને નિંદવા યોગ્ય છે.જીવ જો જરાય વિચાર કરે તો સ્પષ્ટ દેખાય એવું છે કે ,કોઈને વિષે પુત્રપણું ભાવી , આ જીવે માઠું કર્યામાં મણા રાખી નથી,.અને કોઈને વિષે પિતાપણું માનીને પણ તેમજ કર્યુ છે, અને કોઈ જીવ હજુ સુધી તો પિતાપુત્ર થઈ શક્યા દીઠા નથી.અનુત્પન્ન એવો આ જીવ, તેના પુત્રપણે ગણવો, કે ગણાવવાનું ચિત્ત રહેવું એ સૌ જીવની મૂઢતા છે,અને તે અને તે મૂઢતા કોઈ પણ પ્રકારે સત્સંગની ઈચ્છાવાળા જીવને ઘટતી નથી.

સત્સંગની ઓળખાણ થવી
જીવને દુર્લભ છે.

માંડમાંડ આજીવિકા ચાલતી હોય તો પણ મુમુક્ષુને તે ઘણું છે.

જ્ઞાનીને ઓળખો,ઓળખીને
એઓની આજ્ઞા આરાધો.

દુઃખનું સ્વરૂપ યથાર્થ ન સમજાવાથી, તે થવાનાં મુળ કારણો શુ છે અને તે શાથી મટી શકે, તે યથાર્થ ન સમજાવાથી, દુઃખ મટાડવા સંબંધીનું પ્રાણીમાત્રનું પ્રયત્ન સ્વરૂપથી અયથાર્થ હોવાથી, દુઃખ મટી શકતું નથી.

ભગવતને સર્વ સમર્પણ
કર્યા સિવાય આ કાળમાં
જીવનું દેહાભિમાન મટવું
સંભવતું નથી.


ગમે તેટલી વિપત્તિઓ પડે,

તથાપી જ્ઞાની દ્વારા

સાસાંરિક ફળની ઈચ્છા

કરવી યોગ્ય નથી.

સત્સંગ પ્રાપ્ત થયે જો આ જીવને કલ્યાણ પ્રાપ્ત ન થાય તો અવશ્ય આ જીવનો જ વાંક છે; કેમ કે તે સત્સંગના અપૂર્વ, અલભ્ય, અત્યંત દુર્લભ એવા યોગમાં પણ તેણે તે સત્સંગના યોગને બાધ કરનાર એવાં માઠાં કારણોનો ત્યાગ ન કર્યો !


" THINK OR SINK "